અરજદારને કોઈ વાંધો હોય તો ફરી અપીલ કરી શકશે,હુકમ કરતા અરજી પરત ખેંચવામાં આવી

BCA ચૂંટણી જંગ હવે હાઈકોર્ટના દ્વારે, પરિણામો પર સ્ટે યથાવત, ડબલ બેન્ચે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો

હિલ મેમોરિયલ સ્કૂલમાં મતપેટીઓ સીલ,સીસીટીવી કેમેરા અને પોલીસ બંદોબસ્ત તૈનાત

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

બરોડા ક્રિકેટ એસોસિએશનમાં સત્તાના સૂત્રો હસ્તગત કરવા માટે રમાઈ રહેલો ખેલ હવે મેદાન છોડીને કાયદાકીય ગૂંચવણોમાં ફસાયો છે. ભારે રસાકસી વચ્ચે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હોવા છતાં, સભ્યો અને ઉમેદવારોએ પરિણામ માટે હજુ લાંબી રાહ જોવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી સુનાવણીના પગલે પરિણામો હાલ સીલબંધ રાખવામાં આવ્યા છે.

બીસીએની ચૂંટણી પ્રક્રિયામાં અનિયમિતતાના આક્ષેપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. આ મામલે સુનાવણી કરતા હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચે વચગાળાનો આદેશ આપીને ચૂંટણીના પરિણામો જાહેર કરવા પર રોક લગાવી દીધી હતી. સિંગલ જજના આ નિર્ણય અને તેમના કાયદાકીય અવલોકનોને પડકારતા બીસીએ, ઈલેક્શન ઓફિસર અને અન્ય પક્ષકારો દ્વારા હાઈકોર્ટની ડબલ જજની બેન્ચ સમક્ષ અપીલ કરવામાં આવી હતી. ડબલ જજની બેન્ચ સમક્ષ થયેલી આ અપીલમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાથી પરિણામો જાહેર થવા જોઈએ. જોકે, હાઈકોર્ટે આ તબક્કે હસ્તક્ષેપ કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. અદાલતે જણાવ્યું હતું કે, સિંગલ જજ હજુ આ મામલે અંતિમ નિર્ણય લેવાના બાકી છે. જો સિંગલ જજના ફાઈનલ ઓર્ડર બાદ અરજદારોને કોઈ વાંધો હોય, તો તેઓ ફરીથી અપીલ કરી શકે છે. આ માર્ગદર્શન બાદ, પક્ષકારો દ્વારા ડબલ બેન્ચ સમક્ષ કરવામાં આવેલી અપીલ પરત ખેંચી લેવામાં આવી હતી. સુનાવણી દરમિયાન અદાલતે એક મહત્વનું અવલોકન કર્યું હતું કે, ઈલેક્શન ઓફિસરને ચૂંટણીના વિવાદ સાથે સીધો કોઈ સંબંધ હોતો નથી. આ અરજી મુખ્યત્વે સંસ્થા બીસીએ અને જે ઉમેદવારો સામે આક્ષેપ છે તેમની વચ્ચેની છે. પક્ષકારોના વકીલે હવે આ અરજીની મેન્ટેનિબિલિટી મુદ્દે દલીલો કરવાની તૈયારી દર્શાવી છે. સિંગલ જજની બેન્ચ સમક્ષ આવતીકાલે ફરી આ મામલે વધુ સુનાવણી યોજાનાર છે. આવતીકાલે હાઈકોર્ટ પરિણામો જાહેર કરવા માટે લીલી ઝંડી આપે છે કે સ્ટે યથાવત રાખે છે, તેના પર વડોદરાના ક્રિકેટ જગતની નજર ટકેલી છે. હાલ તો તમામ બેલેટ બોક્સ હાઈકોર્ટના આદેશ મુજબ સુરક્ષિત રખાયા છે.

વડોદરામાં ડબલ ધમાકા ઓફર જેવો રવિવાર ઉજવાયો

મહા શિવરાત્રીની ભક્તિ વચ્ચે ટીમ ઈન્ડિયાના વિજયનો ગુંજ્યો જયઘોષ ગુંજ્યો

ગાંધીનગર ગૃહ ખાતે ક્રિકેટ રસિકો મોડી રાત્રે ઢોલ-નગારા અને આતશબાજી સાથે વિજય ઉત્સવ મનાવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ટી-20 વર્લ્ડ કપમાં પરંપરાગત હરીફ પાકિસ્તાન સામે ભારતીય ટીમની ભવ્ય જીત થતા વડોદરા શહેરના ક્રિકેટ રસિકો ઝૂમી ઉઠ્યા હતા. કોલંબો ખાતે રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં ભારતે પાકિસ્તાનને હરાવતા જ વડોદરામાં મોડી રાત્રે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. ખાસ કરીને શહેરના ઐતિહાસિક ગાંધીનગર ગૃહ અને માંડવી વિસ્તારમાં સેંકડોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને જીતનો ઉત્સાહ મનાવ્યો હતો. રવિવારે વડોદરામાં મહાશિવરાત્રીના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી હતી. શિવાલયોમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે રાત્રિના સમયે ક્રિકેટના મેદાનમાં ભારતે પાકિસ્તાનને પરાજય આપતા લોકોની ખુશી બમણી થઈ ગઈ હતી.

ક્રિકેટ પ્રેમીઓએ જણાવ્યું હતું કે, સવારે 'હર હર મહાદેવ' ના નાદ સાથે શિવરાત્રી ઉજવી અને રાત્રે ભારતની જીત સાથે આ પર્વ યાદગાર બની ગયો છે. મેચ પૂરી થતાની સાથે જ વડોદરાના રસ્તાઓ પર ક્રિકેટ ચાહકો હાથમાં તિરંગા લઈને નીકળી પડ્યા હતા. ઢોલ-નગારાના તાલે લોકોએ ગરબા અને નૃત્ય કર્યા હતા, તો વળી ફટાકડા ફોડીને આતશબાજી પણ કરવામાં આવી હતી.

ગાંધીનગર ગૃહ પાસે મોટી સંખ્યામાં યુવાઓ અને વડીલો એકઠા થયા હતા અને 'ભારત માતા કી જય' તથા 'વંદે માતરમ' ના નારાઓથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.

પરંતુ ટીમ ઈન્ડિયાના શાનદાર પ્રદર્શનને કારણે પાકિસ્તાને ફરી એકવાર હારનો સામનો કરવો પડ્યો છે. કેટલાક ચાહકોએ મેચ પહેલા પાકિસ્તાન તરફથી થતી નિવેદનબાજી પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, મેદાનમાં ભારતે યોગ્ય જવાબ આપી દીધો છે.

વડસર તળાવનું 5.63 કરોડના ખર્ચે કાયાકલ્પ, દક્ષિણ વિસ્તારને મળશે નવી ઓળખ

(પ્રતિનિધિ), વડોદરા. તા.16

વડોદરાના દક્ષિણ વિસ્તારની સુંદરતામાં હવે ચાર ચાંદ લાગવા જઈ રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડસર તળાવના નવીનીકરણ માટે 5.63 કરોડનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ પ્રોજેક્ટ માત્ર તળાવનું સમારકામ નથી, પરંતુ વડસર વિસ્તારના નાગરિકો માટે એક આધુનિક 'રીક્રિએશનલ હબ' તૈયાર કરવાની દિશામાં એક મોટું ડગલું છે. આ પ્રોજેક્ટને કારણે વડસર અને તેની આસપાસના વિસ્તારોના પ્રોપર્ટી વેલ્યુ (રહેણાંક મૂલ્ય) માં મોટો ઉછાળો આવવાની શક્યતા છે. પ્રદૂષણ મુક્ત વાતાવરણ અને હરિયાળીને કારણે આ વિસ્તારના લોકોની જીવનશૈલી વધુ આરોગ્યપ્રદ બનશે. શહેરના વિકાસમાં વધુ એક સીમાચિહ્ન :- ઝડપી ગતિએ કામગીરી કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ કામગીરી અત્યારે યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વિસ્તારના રહીશોમાં આ પ્રોજેક્ટને લઈને ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. પર્યાવરણ અને વિકાસનો સમન્વય :- વડસર તળાવનું આ મોડેલ શહેરના અન્ય જળાશયો માટે પણ એક ઉદાહરણ બનશે. ટૂંક સમયમાં જ વડોદરાવાસીઓને સાંજ વિતાવવા માટે એક નવું અને મનમોહક સ્થળ ભેટમાં મળશે.

તળાવના નવીનીકરણ બાદ અહીં નાગરિકોને વર્લ્ડ ક્લાસ સુવિધાઓનો અનુભવ થશે

ફિટનેસ અને વોકિંગ : વહેલી સવારે અને સાંજે ફરવા માટે આકર્ષક વોક-વે અને જોગિંગ ટ્રેક

પરિવાર માટે ગેઝેબો : પરિવાર સાથે નિરાંતની પળો વિતાવવા માટે સુશોભિત ગેઝેબો અને બેઠક વ્યવસ્થા

ઘાટ અને સેલ્ફી પોઈન્ટ : તળાવની સુંદરતા નિહાળવા માટે ખાસ ઘાટ, રેમ્પ અને આધુનિક પેવર બ્લોક

સુરક્ષાને પ્રાધાન્ય : ઊંડા પાણીથી રક્ષણ માટે મજબૂત રેલિંગ અને જમીનનું ધોવાણ અટકાવવા સ્ટિલ્ટિંગ વોલ તેમજ સ્લોપ પીચીંગનું નિર્માણ. વડસર તળાવનું આ મોડેલ શહેરના અન્ય જળાશયો માટે પણ એક ઉદાહરણ બનશે. ટૂંક સમયમાં જ વડોદરાવાસીઓને સાંજ વિતાવવા માટે એક નવું અને મનમોહક સ્થળ ભેટમાં મળશે

અપહરણ કર્યા બાદ વારંવાર સગીરા પર દુષ્કર્મ ગુજારનાર આરોપીને 20 વર્ષની કેદ

આરોપીએ ભોગ બનનારને ૩.1 લાખ વળતર પેટે ચુકવવાનો પણ મેજિસ્ટ્રેટે હુકમ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સગીરાનું અપહરણ કર્યા તેણીને મહારાષ્ટ્ર ખાતે લઈન ત્યાં વારંવાર દુષ્કર્મ ગુજારના આરોપીને મેજિસ્ટ્રેટ દ્વારા 20 વર્ષની સજા તથા ભોગ બનનારને ૩.1 લાખ વળતર ચૂકવવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર ખાતે રહેતા કરણ કમલેશ રાઉત દ્વારા ગત ગત જાન્યુઆરી 2025માં 16 વર્ષીય સગીરાનું અપહરણ કરી ભગાડી ગયો હતો. ત્યારબાદ તેની સાથે વારંવાર શારીરીક સંબંધ બાંધ્યા હતા અને બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.જેની ફરિયાદ અકોટા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. જેથી પોલીસ દ્વારા આરોપી કરણ કમલેશ રાઉતની ધરપકડ કરી લેવામાં આવી હતી. દરમિયાન તપાસ અધિકારી દ્વારા પંચનામ તથા વિવિધ મહત્વાના પુરાવા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા. જેમાં આરોપી વકીલ તથા સરકારી દ્વારા ધારદાર દલીલો કરાઈ હતી. જેથી મેજિસ્ટ્રેટ દ્વારા ધારાશાસ્ત્રીની દલીલો તથા મહત્વના આધાર પુરાવાને ધ્યાનમાં રાખીને કરણ રાઉતની કસુરવાર ઠેરવીને 20 સજાના ફટકારવામાં આવી છે. ઉપરાંત ભોગ બનનાર સગીરાને આરોપીએ વળતર પેટે રૂપિયા 1 લાખ ચૂકવવા માટેનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

ગુમ થયેલા પ્રાંતિય સગીરને ચાઈલ્ડ હેલ્પ લાઇન વડોદરાએ શોધી કાઢી પરિવારને સોંપ્યો

વ્યસન બાબતે ઠપકો આપતા અજમેરથી સગીર બાળક ટ્રેનમાં બેસી વડોદરા પહોંચી ગયો

પોતાનો બાળક સહી સલામત મળતા પરિવાર ટીમનો આભાર માન્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

અજમેરથી ખાતે રહેતા સગીર બાળકને વ્યસત બાબતે ઠપકો આપશે તેવા ડરથી ત્યાંથી ટ્રેનમાં બેસીને વડોદરા પહોંચી ગયો હતો. વડોદરા રેલવે સ્ટેશનમાં જાણકરી મળેલ કે અજમેરથી એક બાળક નિકળી ગયો છે, જેઓને ચાઈલ્ડ હેલ્પ લાઇન રેલવે ટીમ અને આરપીએફની મદદથી શોધી કાઢવામાં આવ્યો હતો જેના પરિવાર નો સંપર્ક કરી દીકરો સોંપવામાં આવ્યો હતો. મળતી માહીતી મુજબ કિષણગઢ અજમેરના પરિવારનો સગીર વયના દિકરા સાથે વ્યસનની બાબતમાં ઝઘડો થયો હતો. જેથી ડરના લીધે ઘરેથી ટ્રેન મારફતે નિકળી ગયો હતો. પોતાનો દીકરો ગૂમ થતા ચિંતાતુર પરિવારે મિસિંગ ચાઈલ્ડ બાબત ની જાણવા જોગ ફરિયાદ આપી હતી. આ બાળક નિઝામુદ્દીન થી આવતી ટ્રેનમાં બેસી વડોદરા આવી પહોંચ્યો હતો. ચાઈલ્ડ હેલ્પ લાઈન ટીમે મોબાઈલ દ્વારા ઘનિષ્ટ તપાસ કરીને બાળકને શોધીકાઢ્યો હતો. તેના પરિવારનો સંપર્ક કરી બાળક સાથે પિતા સાથે વાત કરાવી હતી. પરિવારે જણાવ્યું હતુ કે અમે અમારા દિકરાને અજમેરથી વડોદરા લેવા આવીએ છીએ તો બાળકને આપની પાસે રાખજો. પરિવાર બાળકને લેવા આવ્યો હતો જેઓના આધાર પુરાવાઓ મેળવી બાળક સાથે મિલન કરાવ્યું હતું.

પરિવારે હર્ષ અનુભવ્યો હતો. ચાઈલ્ડ હેલ્પ લાઈન ટીમ દ્વારા પરિવારને બાળકને કોઈપણ પ્રકારની શિક્ષા કે દબાણના કરતા ભાવનાત્મક વલણ રાખવાં અનુરોધ કર્યો હતો. પોતાનો બાળક સહી સલામત મળતા પરિવાર ટીમનો આભાર માન્યો હતો.

ગુરુદેવ રવિશંકરજી ના સાન્નિધ્યમાં બેંગલુરુમાં કાર્યક્રમ યોજાયો

વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગ ગુજરાત આશ્રમ તેમજ વડોદરામાં પણ રુદ્રપૂજાનું આયોજન

આર્ટ ઓફ લિવિંગ ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે મહાશિવરાત્રી નિમિત્તે લાખો શ્રદ્ધાળુઓનો ભવ્ય સમાગમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

મહાશિવરાત્રી ના પાવન પર્વ નિમિત્તે ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ આર્ટ ઓફ લિવિંગના બેંગલોર સ્થિત આતંરરાષ્ટ્રીય કેન્દ્ર પર દસ લાખ થી વધુ શ્રદ્ધાળુઓની ભવ્ય ભક્તિમય ઉપસ્થિતિ રહી જ્યાં તેઓએ શાંતિ અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો. આ ઉજવણીમાં ભક્તિમય સત્સંગ તેમજ મહારુદ્રપૂજા નું આયોજન કરવામાં આવ્યું હતું. રુદ્રપૂજા બાદ ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરજી દ્વારા સુંદર ધ્યાન કરાવવામા આવ્યું. ગુરુદેવે જણાવ્યું: "મહાશિવરાત્રી એ એવો ક્ષણ છે જ્યારે આત્મા ભૌતિક દુનિયાને પાર કરી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચે છે. શિવ દરેક કણમાં વ્યાપ્ત છે. આપણું ચૈતન્ય સ્વરૂપ જ શિવ છે. શિવમાં લીન થવું એ ભક્તિ છે અને દરેકમાં શિવને જોવું એ સેવા છે. જે અવિનાશી છે તે આપણામાં અંદર જ સ્થિત છે. આટલો વિશ્વાસ હોય તો જીવનમાં આનંદ જ આનંદ રહેશે અને કોઈ કમી નહીં રહે.

માન્યતા છે કે ભક્તિ અને પ્રેમથી શિવરાત્રી ઉજવો તો તમામ ઈચ્છાઓ પૂર્ણ થાય છે." "મહાકાલ કેવી રીતે પ્રગટ થાય છે? તે યોગીઓના હૃદયમાં પ્રકાશરૂપે ઝળહળે છે." - ગુરુદેવે કહ્યું. આ ઉજવણીનું મુખ્ય આકર્ષણ પવિત્ર રુદ્ર પૂજા હતી, જે ભગવાન રુદ્રની આરાધનાને સમર્પિત શક્તિશાળી વૈદિક વિધિ છે. રુદ્ર પૂજા શિવની પરિવર્તનકારી ઊર્જાને આવાહન કરે છે, જે નકારાત્મકતાના વિલય અને ઊંચી ચેતનાના જાગરણનું પ્રતિક છે.

રાઠી સ્ટીલ એન્ડ પાવર લિમિટેડનું નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિકમાં મજબૂત પ્રદર્શન

વડોદરા : સ્ટેનલેસ સ્ટીલ લોંગ પ્રોડક્ટ્સ અને ટીએમટી બાર સપ્લાય કરતી અગ્રણી કંપની રાઠી સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ (BSE: 504903) એ નાણાકીય વર્ષ 26ના ત્રીજા ત્રિમાસિક માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે, જેમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે. ત્રીજા ત્રિમાસિક દરમિયાન કંપનીની કુલ આવક 160.09 કરોડ રહી, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 50.97%નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ અવધિમાં EBITDA 6.41 કરોડ રહ્યો, જેમાં વાર્ષિક ધોરણે 38.17%ની વૃદ્ધિ નોંધાઈ છે. ચોખ્ખો નફો (PAT) 1.91 કરોડ રહ્યો, જે વાર્ષિક ધોરણે 262.33%ના ઉછાળાને દર્શાવે છે. (EBITDAમાં અન્ય આવકનો સમાવેશ થાય છે.) પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ પારીકે જણાવ્યું કે, સ્ટેનલેસ સ્ટીલ અને ટીએમટી રીબાર્સ સહિતના વૈવિધ્યસભર પ્રોડક્ટ પોર્ટફોલિયોના કારણે મજબૂત કાર્યકારી અમલીકરણ શક્ય બન્યું છે. નાણાકીય વર્ષ 26ના પ્રથમ નવ મહિનામાં કંપનીએ કુલ 471.93 કરોડની આવક નોંધાવી છે, જે વાર્ષિક ધોરણે 32.67%ની વૃદ્ધિ દર્શાવે છે.

બ્રહ્માકુમારીઝ અટલાદરા દ્વારા શિવરાત્રી પર્વની ઉજવણી

10 હજાર લોકોએ ડાયમંડ થી સુશોભિત શિવલિંગના દર્શનનો લાભ લીધો

મહાશિવરાત્રી મહોત્સવ અને વિશ્વ પરિવર્તન મહાકુંભ જ્ઞાન મેળાને રાજ્યોગીની બી.કે. ડો.અરુણા દીદી સાથે વડોદરા ના ગણ માન્ય અતિથિઓ દ્વારા 90 દીપ પ્રાગટ્ય કરી ઉત્સવની શરૂઆત કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

દર વર્ષની માફક આ વર્ષે મહાશિવરાત્રી નિમિત્તે બ્રહ્માકુમારીઝ અટલાદરા દ્વારા 90 હજાર ડાયમંડ થી સુશોભીત શિવલિંગની પ્રતિકૃતિના દિવ્ય દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.ભાવિકોને દ્વાદશ જ્યોતિર્લિંગમ દર્શન, વિશાલ હીરાજડિત શિવલિંગ, શિવ શંકરની ઝાંખી, અમરનાથ દર્શન, શિવલિંગ દુગ્ધાભિષેક, ચૈતન્ય દેવીઓની ઝાંખી, પરમાત્મ અનુભૂતિ કક્ષ, જીવન મૂલ્ય પ્રદર્શની, માઈન્ડ સ્પા, વેલ્યુ ગેમ્સ, વ્યસનમુક્તિ પ્રદર્શની અને શિક્ષણમાં નવી દિશા વિશે નિહાળવા આવ્યા.

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે શિવ દર્શન નો કાર્યક્રમ બ્રહ્માકુમારીઝ આત્મચિંતન ભવન અટલાદરા સેવા કેન્દ્ર પર રાખવામાં આવ્યો હતો. શિવરાત્રી મહોત્સવ તા.13 થી 16 ફેબ્રુઆરી દરમિયાન દરરોજ સવારે 9 થી સાંજે 9 કલાક સુધી દર્શન અર્થે ખુલ્લો રહ્યો, દરરોજ સાંજે 7 કલાકે મહાઆરતી યોજાઈ હતી. તા.12 ફેબ્રુઆરીના સાંજે 5 કલાકે મહાશિવરાત્રી મહોત્સવ અને વિશ્વ પરિવર્તન મહાકુંભ જ્ઞાન મેળાને રાજ્યોગીની બી.કે. ડો.અરુણા દીદી સાથે વડોદરાના ગણ માન્ય અતિથિઓ દ્વારા 90 દીપ પ્રાગટ્ય કરી ઉત્સવ ની શરૂઆત કરાઈ. 90 મી શિવજયંતિ ની ઉજવણી નિમિત્તે મહાશિવરાત્રી ના દિવસે શિવ ધ્વજા રોહણ પણ કરવામાં આવ્યું હતું. રવિવારે સાંજે 15 તા. ભક્તિમય સંગીત સંધ્યા નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ભાવિકો એ આણંદ માણ્યો હતો.

વડોદરા શહેરમાં પાલિકાનું 'બુલડોઝર' ફરી ગરજ્યું

વડોદરાના પાંચથી વધુ વિસ્તારોમાં દબાણ હટાવો ઝુંબેશ, ફૂટપાથ અને માર્ગો ખુલ્લા કરાયા

ગોરવા, લાલબાગ અને સુસેન સહિતના માર્ગો પરથી લારી-ગલ્લા અને 18 જેટલા કાચા ઝુંપડાઓનો સફાયો; ટ્રકો ભરીને સામાન જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના માર્ગોને દબાણમુક્ત કરવા માટે સોમવારે આક્રમક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખાએ શહેરના વિવિધ વોર્ડમાં પોલીસ બંદોબસ્ત સાથે રાખીને ફૂટપાથ અને મુખ્ય રસ્તાઓ પર અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે લાલ આંખ કરી હતી. શહેરના વોર્ડ નં. 08 ની ટીમ દ્વારા ગોરવા શાક માર્કેટ વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અહીં રસ્તા પર નડતરરૂપ લારી-ગલ્લાના દબાણો દૂર કરી પાલિકા દ્વારા કુલ 1-ટ્રક જેટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આંબેડકર સર્કલથી સર્કિટ હાઉસ સુધીના વીઆઈપી રોડની બંને સાઈડ પર વર્ષોથી ઉભા રહેતા લારી-ગલ્લાના દબાણો પણ હટાવી દેવામાં આવ્યા હતા અને તમામ સામાન જપ્ત કરાયો હતો. સૌથી મોટી કાર્યવાહી વોર્ડ નં. 18 માં જોવા મળી હતી, જ્યાં સુસેન ચાર રસ્તા થી જ્યુપિટર ચાર રસ્તા સુધીના ફૂટપાથ પર ખડકાયેલા આશરે 18 જેટલા કાચા ઝુંપડાઓને તોડી પાડવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન ફૂટપાથને સંપૂર્ણ રીતે ખુલ્લી કરાવી સામાન કબજે લેવામાં આવ્યો હતો. તેવી જ રીતે, વોર્ડ નં. 13 હેઠળ આવતા લાલબાગ બ્રિજ નીચેથી અવધૂત ફાટક સુધીના માર્ગ પર પણ બંને બાજુએથી દબાણો દૂર કરી 01-ટ્રક સામાન જપ્ત કરાયો હતો. વોર્ડ નં. 08 અને 11 ની સંયુક્ત ટીમ દ્વારા ગોરવા દશામાં તળાવ પાસે ગુજરાત હાઉસિંગ બોર્ડના પ્લોટની બહારની બાજુએ મુખ્ય રોડ પર દબાણ કરીને રહેતા શ્રમિકોને સ્થળ પરથી હટાવવામાં આવ્યા હતા. અહીંથી પણ 01-ટ્રક જેટલો સામાન જપ્ત કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

વારંવાર મળતી ધમકીઓથી વિદ્યાર્થી-વાલીઓ પર ગંભીર માનસિક આઘાત અને સ્વાસ્થ્ય પર અસર

વડોદરાની શાળાઓને મળી રહેલી બોમ્બની ધમકીઓ મુદ્દે પેરેન્ટ્સ એસોસિએશન લાલઘૂમ થયું

રાજ્ય ગુના શાખા અથવા રાષ્ટ્રીય એજન્સી જેવી ઉચ્ચ-સ્તરીય એજન્સીઓને તપાસ સોંપવા માંગણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સમગ્ર રાજ્ય સહિત વડોદરા શહેર અને જિલ્લામાં સોમવારે અનેક સ્કૂલોમાં બોમથી ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઈમેલ મળતા ભારે ખળભળાટ મચ્યો છે. ત્યારે અવારનવાર બનતી આ ઘટનાથી વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન લાલઘૂમ થયું છે. આજે એસોસિએશનના અગ્રણી સભ્યોએ ભેગા થઈ શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી. એસોસિએશનના પ્રમુખ કિશોર પિલ્લાઈએ જણાવ્યું હતું કે, વડોદરાની ઘણી શાળાઓ સહિત ગુજરાતની 25 થી વધુ શાળાઓને ફરી એકવાર વિસ્ફોટક ઉપકરણો સંબંધિત ધમકીભર્યા ઈમેઈલ મળ્યા છે. છેલ્લા 2-3 વર્ષોમાં આ ધમકીઓને વારંવાર છેતરપિંડી તરીકે ઓળખવામાં આવી છે. પરંતુ સમાજ પર તેમના દ્વારા થતી માનસિક અને કાર્યકારી અસર એક બ્રેકિંગ પોઈન્ટ પર પહોંચી ગઈ છે. જેમાં ગંભીર માનસિક આઘાત અને માનસિક સ્વાસ્થ્ય પર અસર, ખાલી કરાવવા અને સ્કેનિંગનો માનક પ્રોટોકોલ, સલામતી માટે જરૂરી હોવા છતાં, ઊંડા આઘાતનું કારણ બની રહ્યો છે. બાળકો હવે તેમના શિક્ષણ સ્થાનને ભય અને જીવલેણ ભય સાથે જોડી રહ્યા છે. ગભરાટની આ સતત સ્થિતિ વિદ્યાર્થીઓમાં ચિંતા વિકૃતિઓ અને ધ્યાન ગુમાવવા તરફ દોરી રહી છે. મહત્વપૂર્ણ શૈક્ષણિક પરીક્ષાઓમાં વિક્ષેપ આ ધમકીઓનું મોજું સીબીએસઈ અને ગુજરાત બોર્ડની વાર્ષિક પરીક્ષાઓ તેમજ વિવિધ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પ્રારંભ સાથે સુસંગત છે. શૈક્ષણિક જોખમ, આ વિક્ષેપો વર્ષોથી તૈયારી કરતા વિદ્યાર્થીઓના પ્રદર્શનને જોખમમાં મૂકે છે.,

લોજિસ્ટિકલ અરાજકતા,પરીક્ષાના સમયગાળા દરમિયાન સતત સ્થળાંતર સુરક્ષા માટે એક દુઃસ્વપ્ન બનાવે છે અને પેપર્સ રદ કરવા તરફ દોરી શકે છે, જે વિદ્યાર્થી સંગઠનને વધુ પરેશાન કરે છે. હજારો વિદ્યાર્થીઓને એકસાથે મોટા પાયે સ્થળાંતર કરવાથી એક અલગ પ્રકારનો ભય પેદા થાય છે, જેમાં ગભરાયેલા માતાપિતાના બાળકોને લેવા આવતા ધસારો દરમિયાન નાસભાગ અથવા ટ્રાફિક અકસ્માતનું જોખમ શામેલ છે. આ છેતરપિંડી લગભગ ત્રણ વર્ષથી ચાલુ છે તે સૂચવે છે કે સ્થાનિક-સ્તરીય નિવારક પગલાં અપૂરતા છે.

આ ડિજિટલ ધમકીઓની અત્યાધુનિક પ્રકૃતિ

ઘણીવાર એન્ક્રિપ્ટેડ અથવા આંતરરાષ્ટ્રીય સર્વરનો ઉપયોગ કરીને વિશેષ કુશળતાની જરૂર છે. ત્યારે, આ કેસને રાજ્ય ગુના શાખા અથવા રાષ્ટ્રીય તપાસ એજન્સી જેવી ઉચ્ચ-સ્તરીય એજન્સીઓને સોંપવામાં આવે જેથી આ ઈમેલના મૂળને શોધી શકાય અને ગુનેગારોને ન્યાય મળે. વધુમાં એક સમર્પિત શાળા સુરક્ષા એસઓપી જે શાળાના કર્મચારીઓ માટે વિશેષ તાલીમ સહિત સલામતી સુનિશ્ચિત કરતી વખતે ગભરાટ ઘટાડે છે. જનતાને ખાતરી મળે અને ભવિષ્યમાં આવા તોફાનીઓને કડક કાનૂની પરિણામોના વચન સાથે અટકાવી શકાય. પોલીસના નેતૃત્વ અને અમારા બાળકોની સલામતી માટે વિભાગની પ્રતિબદ્ધતા પર વિશ્વાસ છે. વડોદરાના પરિવારોને માનસિક શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે તાત્કાલિક અને દૃશ્યમાન પગલા લેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

બેન્ક ઓફ બરોડા

ભુતડી ઝાંપા બ્રાન્ચ

નૃસિંહ આશ્રમ, કારેલી બાગ પોલીસ સ્ટેશન સામે, વડોદરા - ૩૯૦ ૦૦૧, ગુજરાત

ફોન: ૯૧-૨૬૫૨૪૩૧૬૬૩, ૨૪૩૪૨૪૫, ઈ-મેલ: bhutdi@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ [નિયમ-૮(૧)]

કબજા નોટિસ (સ્થાવર મિલકત સંદર્ભે)

જે મુજબ, નીચે સહી કરનાર **બેન્ક ઓફ બરોડા ના** અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ-૩ સાથે વાંચતાં, કલમ-૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાને આધિન રહી **તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫** ના રોજ બોરોઅર / ગેરન્ટર / મિલકતના માલિક **શ્રી મહાદીક હિમાંશુ હરીશભાઈને** ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ અને નોટિસમાં નિર્દિષ્ટ રકમ **રૂા. ૧૨,૬૩,૬૭૩.૦૦ + રૂા. ૨૯,૫૭૭.૦૦ (રીવર્સલ વ્યાજ) + રૂા. ૫,૫૨૫.૦૦ (લાગુ નહિ કરેલ વ્યાજ) + રૂા. ૭૭૩.૦૦ (ઓવર ડ્યુ) = કુલ રકમ રૂા. ૧૩,૨૯,૫૪૮.૦૦ + લાગુ પડતા લીગલ ચાર્જ + અન્ય ચાર્જિસ વધારાના વ્યાજ સહિત** ચૂકવણીની તારીખ સુધી અને પ્રાસંગિક ખર્ચ, કોસ્ટ, વગેરે ઉપરોક્ત નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં પરત ચૂકવી આપવા જણાવાયેલ.

બોરોઅર આ રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે. આથી **બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય કે જાણમાં ના હોય), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય કે જાણમાં ના હોય), ગેરન્ટર અને જાહેર જનતાને** આ સાથે નોટિસ આપી જણાવાય છે કે નીચે સહી કરનાર દ્વારા અહીં નીચે નિર્દિષ્ટ મિલકતનો, ઉપરોક્ત ધારાની કલમ-૧૩(૪) હેઠળ, નિયમ-૮ સાથે વાંચતાં **૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬** ના રોજ **સાંકેતિક કબજ